# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ ખંડમાં રવિવાર, તા.૨૪/૩/૨૦૧૨ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. પરિમલ એચ. ત્રિવેદીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૨૪/૩/૨૦૧૨ |
|---|---|---|
| ૧. | માન. ડો. કમલા બેનીવાલ | ગેરહાજર |
| ૨. | ડો. પરીમલ એચ. ત્રિવેદી | હાજર |
| ૩. | ડૉ. મુકુલભાઇ શાહ | હાજર |
| ૪. | પ્રો. એ. યુ. પટેલ | ગેરહાજર |
| ૫. | શ્રી એમ. એસ. શાહ | હાજર |
| ૬. | શ્રી અશ્વિન ભાવસાર | હાજર |
| ૭. | ધ કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન | ગેરહાજર |
| ૮. | ધ ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન | ગેરહાજર |
| ૯. | ધ કમિશ્નર ઓફ હેલ્થ એન્ડ મેડીકલ સર્વિસ અને મેડીકલ એજ્યુકેશન, | ગેરહાજર |
| ૧૦. | ધ ડાયરેકટર ઓફ એમ્પલોયમેન્ટ એન્ડ ટ્રેનીંગ, | ગેરહાજર |
| ૧૧. | ધ કમિશ્નર ઓફ ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમીનીસ્ટ્રેશન, | ગેરહાજર |
| ૧૨. | ચેરમેન,ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, | ગેરહાજર |
| ૧૩. | શ્રી રાકેશભાઇ શાહ | ગેરહાજર |
| ૧૪. | શ્રી પ્રાગજીભાઇ પટેલ | ગેરહાજર |
| ૧૫. | શ્રી જીજ્ઞેશકુમાર ઉમેદરાય પંડ્યા | હાજર |
| ૧૬. | શ્રી મહેન્દ્ર એન. પટેલ | ગેરહાજર |
| ૧૭. | શ્રી પંકજભાઇ ગીરજાપ્રસાદ ઠાકર | હાજર |
| ૧૮. | શ્રી ધર્મેશ એચ. બારોટ | ગેરહાજર |
| ૧૯. | શ્રી જગદીશ ભોગીલાલ ભાવસાર | હાજર |
| ૨૦. | શ્રી સતીષકુમાર નટવરલાલ પટેલ | હાજર |
| ૨૧. | શ્રી જયંતિભાઇ માધાભાઇ પટેલ | હાજર |
| ૨૨. | શ્રી ભરતકુમાર પરસોત્તમભાઇ પટેલ | હાજર |

| | | |
|---|---|---|
| ૨૩. | શ્રી કૌશિકકુમાર શુખલાલ જૈન | હાજર |
| ૨૪. | ડૉ. તેજસ ભરતકુમાર પટેલ | હાજર |
| ૨૫. | શ્રીમતી મોનાલી એમ. ભટ્ટ | ગેરહાજર |
| ૨૬. | ડૉ. એચ.પી.ભાલોડીયા | ગેરહાજર |
| ૨૭. | શ્રી નવીન બી. વસોયા | ગેરહાજર |
| ૨૮. | શ્રી નાણાવટી દેવાંગ સુધીરભાઇ | ગેરહાજર |
| ૨૯. | શ્રી અનિરુધ્ધભાઇ એસ. પટેલ | હાજર |
| ૩૦. | શ્રી જનકભાઇ રાવજીભાઇ પટેલ | હાજર |
| ૩૧. | શ્રી કિશોરકુમાર કાન્તીલાલ ચૌધરી | હાજર |
| ૩૨. | ડૉ. રમેશભાઇ જે. ચૌધરી | હાજર |
| ૩૩. | શ્રી ભીખાભાઇ ચેલાભાઇ ચૌધરી | હાજર |
| ૩૪. | શ્રી મહાવિરસિંહ બનેસંગભાઇ ડાભી | હાજર |
| ૩૫. | ડૉ. ધરમસિંહ બી. દેસાઇ | હાજર |
| ૩૬. | શ્રી દિગ્વીજયસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ | હાજર |
| ૩૭. | શ્રી દિપકકુમાર કાંન્તિલાલ શેઠ | હાજર |
| ૩૮. | શ્રી જયેશ એમ. સોલંકી | હાજર |
| ૩૯. | શ્રી હંસરાજ ભોગીલાલ વસાવા | હાજર |
| ૪૦. | શ્રી ઉર્મિલાબેન છત્રસિંહ બારીયા | હાજર |
| ૪૧. | શ્રી આનંદ શીવરામ બિજોય | ગેરહાજર |
| ૪૨. | શ્રી મુકેશ હરિપ્રસાદ ખટીક | હાજર |
| ૪૩. | શ્રી હર્ષદકુમાર અમથાભાઇ પટેલ | હાજર |
| ૪૪. | શ્રી ધવલકુમાર રમણભાઇ પટેલ | હાજર |
| ૪૫. | શ્રી અરવિંદકુમાર કેશુભાઇ ચૌધરી | ગેરહાજર |
| ૪૬. | શ્રી જેશલવિર જગદીશચંદ્ર જોશી | હાજર |
| ૪૭. | શ્રી નૈનેશ રાજેન્દ્રભાઈ મોદી | હાજર |
| ૪૮. | શ્રી મહેશકુમાર ચતુરભાઇ પટેલ | હાજર |
| ૪૯. | શ્રી વિજયકુમાર રમણભાઇ પટેલ | હાજર |
| ૫૦. | શ્રી અવિનાશ જસવંતલાલ શાહ | હાજર |

| | | |
|---|---|---|
| ૫૧. | શ્રી રાજેન્દ્રકુમાર મગનલાલ જાદવ | હાજર |
| ૫૨. | શ્રી દેવેન્દ્રસિંહ ડી. ઝાલા | હાજર |
| ૫૩. | શ્રી દેવ્યાની આર. તિપારે | હાજર |
| ૫૪. | શ્રી કૌશિકકુમાર ચીમનલાલ રાવલ | ગેરહાજર |
| ૫૫. | શ્રી અજીતભાઇ ચંદુલાલ શાહ | ગેરહાજર |
| ૫૬. | શ્રી દિપક ગુણવંતરાય શુક્લા | ગેરહાજર |
| ૫૭. | શ્રી મયુરી હિમાંશુ પંડ્યા | હાજર |
| ૫૮. | ડૉ. કલ્પેશ અમૃતલાલ શાહ | ગેરહાજર |
| ૫૯. | ડૉ. ભાવેશ એમ. વ્યાસ | હાજર |
| ૬૦. | શ્રી અશ્વિનકુમાર જસવંતલાલ પટેલ | હાજર |
| ૬૧. | શ્રી જયંતિલાલ શંકરલાલ પ્રજાપતિ | હાજર |
| ૬૨. | શ્રી બડાસાબ એસ. સૈયદ | હાજર |
| ૬૩. | શ્રી હરપાલસિંગ છનાસિંગ સરદાર | ગેરહાજર |
| ૬૪. | શ્રી હરેન રમેશભાઇ શુક્લા | હાજર |
| ૬૫. | શ્રી જશવંતભાઇ હરિભાઇ ઠક્કર | હાજર |
| ૬૬. | શ્રી મૌલિક રશેષકુમાર દેસાઇ | હાજર |
| ૬૭. | શ્રી રોનક ડી. રાના | હાજર |
| ૬૮. | ડૉ. બંકિમ જયકિશન મિસ્ત્રી | ગેરહાજર |
| ૬૯. | શ્રી જગદીશ સરદારસિંગ ચૌધરી | ગેરહાજર |
| ૭૦. | શ્રી મહિપતસિંહ દાનસિંહ ચાવડા | હાજર |
| ૭૧. | ડૉ. નિરજા અરૂણ ગુપ્તા | હાજર |
| ૭૨. | ડૉ. ગીતાબેન પ્રાણલાલ મેહતા | હાજર |
| ૭૩. | ડૉ. મહેશકુમાર ભુલાભાઇ પટેલ | ગેરહાજર |
| ૭૪. | શ્રી મનોજ રાવજીભાઇ પટેલ | ગેરહાજર |
| ૭૫. | શ્રી નીતીનકુમાર માધવજીભાઇ પેઠાની | હાજર |
| ૭૬. | ડૉ. જયંવન્તસિંહ આંકુભા સારવીયા | હાજર |
| ૭૭. | શ્રી ગોપાલ રામનાથ શર્મા | ગેરહાજર |
| ૭૮. | શ્રી વલ્લભભાઇ ગોવિંદભાઇ વાઠેલ | હાજર |

| | | |
|---|---|---|
| ૭૯. | શ્રી ચતુરભાઇ પ્રભુદાસ પટેલ | ગેરહાજર |
| ૮૦. | શ્રી પ્રાનજીવન ચીમનલાલ શાહ | હાજર |
| ૮૧. | શ્રી હરેશકુમાર ભૂપતભાઇ વાઠેલ | હાજર |
| ૮૨. | શ્રી ભાનુકુમાર ખુમજી જૈન | હાજર |
| ૮૩. | શ્રી વિમલકુમાર શીવશંકર જોષી | ગેરહાજર |
| ૮૪. | શ્રી કનુભાઇ પૂજાભાઇ પટેલ | ગેરહાજર |
| ૮૫. | શ્રી રમેશભાઇ ગોકલભાઇ પટેલ | ગેરહાજર |
| ૮૬. | શ્રી વસંતકુમાર મહેન્દ્રકુમાર પટેલ | ગેરહાજર |
| ૮૭. | શ્રી અલ્પેશ જશવંતરાય રાવલ | હાજર |
| ૮૮. | શ્રી રૂતેશ રમણીકલાલ શાહ | ગેરહાજર |
| ૮૯. | શ્રી દીપકકુમાર કનૈયાલાલ ત્રિવેદી | ગેરહાજર |
| ૯૦. | શ્રી રૂષિકેશ વીપીનચંદ્ર મેહતા | હાજર |
| ૯૧. | શ્રી દિલીપ અમૃતલાલ મેવાડા | ગેરહાજર |
| ૯૨. | શ્રી લક્ષ્મીકાન્ત શીવદયાલ પાઠક | હાજર |
| ૯૩. | ડૉ. ભરત જે. શાહ | ગેરહાજર |
| ૯૪. | શ્રી ગોપાલ રમેશચંદ્ર ભટ્ટ | હાજર |
| ૯૫. | શ્રી સૌરભ ચંદ્રકાન્ત ચોક્સી | હાજર |
| ૯૬. | શ્રી ઘનશ્યામ નાનાલાલ પટેલ | ગેરહાજર |
| ૯૭. | શ્રી અશ્વિનકુમાર અંબાલાલ પુરોહિત | ગેરહાજર |
| ૯૮. | શ્રી શંકરસિંહ રામસિંહ રાણા | ગેરહાજર |
| ૯૯. | શ્રી હરજીતસિંહ દર્શનસિંહ શીખ | હાજર |
| ૧૦૦. | શ્રી પ્રદ્યુમનભાઇ સી. ઉપાધ્યાય | ગેરહાજર |
| ૧૦૧. | ડૉ. મિહિર એન. શાહ | ગેરહાજર |
| ૧૦૨. | શ્રી જયેશકુમાર હમિરભાઇ દેસાઇ | હાજર |
| ૧૦૩. | શ્રી દર્શન વિઠ્ઠલભાઇ ચૌધરી | હાજર |
| ૧૦૪. | શ્રી અજયસિંહ અમરસિંહ રાણા | ગેરહાજર |
| ૧૦૫. | શ્રી દિગ્વિજયસિહ ભાનુસિંહ ઝાલા | હાજર |

| | | |
|---|---|---|
| ૧૦૬. | શ્રી નિકુલભાઇ પોપટભાઇ દેસાઇ | હાજર |
| ૧૦૭. | શ્રી વરુણ ભવાનભાઇ ભરવાડ | હાજર |
| ૧૦૮. | શ્રી ભાવિન વિનુભાઇ પરમાર | હાજર |
| ૧૦૯. | શ્રી નિવા હિમાંશુભાઇ પટેલ | હાજર |
| ૧૧૦. | શ્રી સંકેતકુમાર રમેશકુમાર પંચાસરા | હાજર |
| ૧૧૧. | શ્રી પ્રકાશકુમાર કલ્યાણભાઇ ચૌધરી | હાજર |
| ૧૧૨. | શ્રી હરીશભાઇ મનસુખભાઇ પારેખ | હાજર |
| ૧૧૩. | શ્રી પ્રનિત કે. નાણાવટી | હાજર |
| ૧૧૪. | શ્રી મૌલિન બી. શાહ | હાજર |
| ૧૧૫. | ડૉ. નીતીનકુમાર ડી. શાહ | હાજર |
| ૧૧૬. | પ્રો. અનિલકુમાર જી. કાછીયા | હાજર |
| ૧૧૭. | ડૉ. બળદેવભાઇ વી. પટેલ | હાજર |
| ૧૧૮. | ડૉ. કુ. નીશા કે. શાહ | ગેરહાજર |
| ૧૧૯. | ડૉ. શ્રીમતી સવિતા આર. ગાંધી | હાજર |
| ૧૨૦. | પ્રો. વિજ્યાલક્ષ્મી ચારી | હાજર |
| ૧૨૧. | શ્રી ડૉ. દીનાનાથ એસ. શર્મા | હાજર |
| ૧૨૨. | શ્રી વી. એ. રાણા | હાજર |
| ૧૨૩. | ડૉ. ગૌરાંગ ટી. જાની | હાજર |
| ૧૨૪. | શ્રીમતી હીના શાહ | ગેરહાજર |
| ૧૨૫. | પ્રો. જે. એન. ગોસ્વામી | ગેરહાજર |
| ૧૨૬. | શ્રી નરહરિ એચ. અમીન | હાજર |
| ૧૨૭. | શ્રી ઇન્દ્રવિજયસિંહ ગોહિલ | હાજર |
| ૧૨૮. | શ્રી હિમાંશુ વી. પટેલ | હાજર |
| ૧૨૯. | ડૉ. મનીષ એમ. દોશી | હાજર |
| ૧૩૦. | શ્રી આશિષ સી. અમીન | હાજર |
| ૧૩૧. | શ્રી શેખ શાહનવાઝ અબ્દુલરહેમાન | હાજર |
| ૧૩૨. | શ્રી પાર્થિવ રાજસિંહ કઠવાડિયા | હાજર |
| ૧૩૩. | ડૉ. શ્રીમતિ કામ્યાની માથુર | હાજર |

સભાની શરૂઆતમા સભ્યશ્રી હિમાંશુભાઇ પટેલે તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં બે ધારાસભ્યો ધ્વારા કથિત અભદ્ર કિલપીંગ જોવાના બનાવને સર્વાનુમતે વખોડી કાઢવાનો ઠરાવ કરવાનો પ્રસ્તાવ મૂકયો હતો અને દહેશત વ્યકત કરી હતી કે આ બનાવની વિધ્યાર્થીઓ તેમજ શિક્ષણજગત પર વિપરિત અસર પડશે. શ્રી હિમાંશુભાઇની રજૂઆતને સિનિયર સભ્યશ્રી નરહરિભાઇ અમીન, ડો. દિગ્વિજયસિંહ ગોહેલ, ડો. મનીષ દોશી, ડો. એન.ડી.શાહ સહિતના સભ્યશ્રીઓએ ટેકો આપીને પોતાનો સૂર પૂરાવ્યો હતો અને કથિત અભદ્ર કિલપીંગ કાંડને વખોડવાનો સર્વાનુમતે ઠરાવ પસાર કરવાનો આગ્રહ રાખ્યો હતો અને જરૂર પડે મતદાન કરીને ઠરાવ કરવાની રજૂઆત કરી હતી.

ઉપરોકત પ્રસ્તાવ અંગેના ઠરાવનો વિરોધ કરતાં સભ્યશ્રી જશવંતભાઇ ઠકકરે જણાવ્યું હતું કે હાલ જયારે આ સમગ્ર પ્રકરણની તપાસ વિધાનસભાની વિશેષાધિકાર સમિતિને સોંપાઇ છે ત્યારે જયાંસુધી આ સમિતિ આ પ્રકરણમાં કોઇ દોષિત છે કે નહીં તેની તપાસનો અહેવાલ ન આપે ત્યાંસુધી આ પ્રકરણને વખોડી નાંખતો ઠરાવ કરવો વહેલો ગણાશે. સદરહુ પ્રસ્તાવ પર સભાગૃહમાં ચર્ચા દરમ્યાન પ્રિ. મહિતપસિંહ ચાવડા, શ્રી જગદીશભાઇ ભાવસાર, શ્રી કૌશિકભાઇ જૈન, શ્રી હર્ષદભાઇ પટેલ સહિતના સભ્યશ્રીઓએ પણ હાલના તબકકે આવા કોઇ ઠરાવને સમર્થન નહીં આપવા અંગે પોતાની રજૂઆતો કરી હતી.

ઉપરોકત રજૂઆતો સાંભળયા બાદ અધ્યક્ષસ્થાનેથી માન.કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે હાલ આ ઘટના અંગે એફ.એસ.એલ. ધ્વારા બન્ને ધારાસભ્યશ્રીઓને કલીનચીટ આપવામાં આવી હોઇ અને વિધાનસભાની વિશેષાધિકાર સમિતિને આ પ્રકરણની તપાસ સોંપેલ હોવાથી હાલના તબકકે કોઇપણ પ્રકારનો ઠરાવ કરવો વ્યાજબી ન કહેવાય એમ જણાવીને કથિત અભદ્ર કિલપીંગ કાંડને વખોડતો ઠરાવ કે ઠરાવ પર મતદાન કરવાની સભ્યશ્રીઓની માંગણીનો અસ્વીકાર કર્યો હતો.

તે પછી કામકાજની યાદીપરની નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી

૧. તા.૨૭/૩/૨૦૧૧ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

**ઠરાવ તા.૨૭/૩/૨૦૧૧નાં રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.:**

તે પછી બાબત ક્રમાંક ૧(અ) પ્રશ્નોત્તરી અંગેનું કામકાજ હાથ ધરતા પહેલાં વિદ્યાર્થી સેનેટ સભ્યશ્રીઓને તેમના પ્રશ્નો પરત્વે રજૂઆત કરવા દેવાની સભાગૃહની વિનંતીને પ્રમુખશ્રીએ માન્ય રાખી હતી.

પ્રમુખ સ્થાનેથી માન.કુલપતિશ્રીએ વિદ્યાર્થી સેનેટ સભ્યશ્રીઓએ રજૂ કરેલ વિવિધ પ્રશ્નોને સાંભળીને નીચેના મહત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવ્યા હતા, જેના અમલની દિશામાં તાકિદે કાર્યવાહી હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૧) નવા વિધ્યાર્થીઓને માર્ગદર્શક બની રહે તેવા આશયથી યુનિવર્સિટીની વિવિધ વિધ્યાશાખાની પરીક્ષાઓમાં પ્રથમ દસ ક્રમે આવેલા વિધ્યાર્થીઓની ઉત્તરવહીઓને યુનિવર્સિટીની વેબસાઇટ પર મુકવાનું રાખવું.

(૨) નવી અમલમાં આવેલ સેમેસ્ટર સીસ્ટમને કારણે કોલેજો ધ્વારા ચલાવવામાં આવતી એન.સી.સી. અને એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ પર સમયના અભાવે કોઇ અસર ન થાય તે માટે જરૂર પડે આવી પ્રવૃત્તિઓ વેકેશનમાં પણ હાથ ધરવાનું રાખવું.

(૩) વિધ્યાર્થી સેનેટ અંગેની જરૂરી એવી માહિતીઓ સંલગ્ન કોલેજો તરફથી સમયમર્યાદમાં યુનિવર્સિટીને પૂરી પાડવામાં આવે તો વિધ્યાર્થી સેનેટની ચૂંટણી વર્ષાન્તને બદલે ઓકટોબર મહિનામાં પૂર્ણ કરવાનું રાખવું.

(૪) વિદ્યાર્થીનીઓ માટે યુનિવર્સિટીમાં ફી ભરવા અલગ બારીની સગવડ ઉપલબ્ધ કરવા માટે તેમજ ટ્રેકીંગ અને સ્પોર્ટસમાં ભાગ લેતી વિદ્યાર્થીનીઓને યુનિવર્સિટીમાંથી જ સ્થળ પર લઇ જવા અંગે કુ. નિવા પટેલે કરેલ રજૂઆતોને સ્વીકારવાનું રાખવુ અને આ અંગે થનાર સમગ્ર ખર્ચ યુનિવર્સિટીએ ઉપાડવાનું રાખવું.

(૫) નવી અમલમાં આવેલ સેમીસ્ટર સીસ્ટમમાં વિદ્યાર્થીઓ માટે સેમીસ્ટર દીઠ ફી રૂ. ૫૦૦/- નિયત કરી હોવાથી વિદ્યાર્થીઓ પરના ફીના ભારણને ઘટાડવા અંગે શ્રી નરહરિભાઇ અમીને કરેલ રજૂઆત સ્વીકારવાનું રાખવું અને તે મુજબ હાલનું સેમીસ્ટર દીઠ થીયરી પરીક્ષા માટે લેવામાં આવતી રૂ. ૨૫૦/- ની ફી ઘટાડીને રૂ. ૧૭૫/- તેમજ પ્રેક્ટિકલ પરીક્ષા માટે લેવામાં આવતી રૂ. ૧૭૫/- ની ફી ઘટાડીને રૂ. ૧૦૦/- કરવાનું રાખવું.

(૬) પીએચ.ડી. માટેના નિયમો ૧૦ દિવસમાં જાહેર કરીને યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવાનું રાખવું.

(૭) વિદ્યાર્થીઓને જીમખાનાની સગવડ ન આપતી કોલેજોની માહિતી યુનિવર્સિટીને મળેથી તેવી કોલેજો સામે કાર્યવાહી કરવાનું રાખવું.

(૮) વાંચન માટે યુનિવર્સિટી લાઇબ્રેરીમાં ૨૫ કે તેથી વધુ વિદ્યાર્થીઓની હાજરી હોય તો નિયત સમય કરતા મોડે સુધી લાઇબ્રેરીની સગવડ પૂરી પાડવાનું રાખવું.

(૯) આર્ટસ-કોમર્સ તેમજ બી.સી.એ.ની હાલની પરીક્ષા સીસ્ટમમાં એકરૂપતા લાવવાનું રાખવું.

(૧૦) યુનિવર્સિટી હોસ્ટેલ્સ/ભવનો/કેમ્પસ પર પીવાના પાણી માટે જરૂરી આર.ઓ. સીસ્ટમની સગવડ પૂરી પાડવાનું રાખવું તેમજ ગંદકી દૂર કરીને સાફ સફાઇ પર તેમજ રસ્તા રીપેરીંગ તરફ પૂરતું ધ્યાન આપવાનું રાખવું.

(૧૧) વિદ્યાર્થી સેનેટ સભ્યશ્રીઓને ૩૦૦ કીલો મીટરની મર્યાદામાં પ્રવાસ કરવાની મંજૂરી આપવાનું રાખવું.

(૧૨) યુનિવર્સિટી ભવનોમાં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓને આર્થિક માપદંડના ધોરણોને ધ્યાનમાં લઇને મેરીટના આધારે સ્કોલરશીપ આપવાનું રાખવું.

વિધ્યાર્થીઓની રજૂઆતો સાંભળયા બાદ પ્રશ્નોત્તરીનું કામકાજ હાથ ધરી શકાયુ ન હતું.

ત્યારબાદ બપોરે ૨.૦૦ વાગે એક કલાકનો વિરામ જાહેર કરવામાં આવ્યો અને બપોરે ૩.૦૦ વાગે સભાની કામકાજની યાદી પરની બાકી રહેલી બાબતો હાથ ધરવામાં આવે તે પહેલાં તાજેતરમાં ઉત્તરવહી છપામણી, ફિકસ ડિપોઝીટ તેમજ ડેવલપમેન્ટ ફંડમાં ભ્રષ્ટાચાર થયો હોવાના યુનિવર્સિટી સત્તાધિકારીઓ સામેના આક્ષેપો પરત્વે ફરિયાદની બાબતને સર્વાનુમતે વખોડી કાઢવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટી એકટની જોગવાઇમાં ખાનગી વ્યકિત ધ્વારા કરેલ ફરિયાદમાં રાજય સરકાર તપાસ કરી શકે તેવી કોઇ જોગવાઇ ના હોવાથી સદરહુ બાબતે સરકારશ્રી ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી તરફથી નીમવામાં આવેલ તપાસ સમિતિએ આપેલ અહેવાલોનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો અને યુનિવર્સિટીની સ્ટેચ્યુટરી કમીટીઓ

ધ્વારા નિયમાનુસાર માન્ય કરવામાં આવેલા ઉપરોકત કામો પરત્વે સરકારશ્રીમાં હકીકતલક્ષી રજૂઆત કરવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત યુનિવર્સિટીના ૧૬૭ બિન-શૈક્ષણિક કર્મચારીઓને યુનિવર્સિટીએ મંજૂર થયેલ મહેકમની મર્યાદામાં જે તે સમયે નિમણૂંકો આપી હોવા છતાં અને તે અંગે સરકારશ્રીમાં વખતોવખત લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરી હોવા છતાં ઘણા લાંબા સમયથી સરકારશ્રી ધ્વારા છઠ્ઠા પગારપંચ મુજબના પગારધોરણો અને પેન્શન-ગ્રેજયુઇટીના લાભો આપવાની મંજૂરી નહીં આપી હોવાની બાબતે તેમજ ૧૬૭ કર્મચારીઓમાંના કેટલાંક અવસાન પામેલા અને નિવૃત્ત થયેલા કર્મચારીઓને મળવાપાત્ર લાભો હજુ સુધી નહીં મળયાની બાબતે દુ:ખની લાગણી વ્યકત કરી હતી અને સદરહુ બાબતે સરકારશ્રીમાં તાકિદે રજૂઆત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

તે જ પ્રમાણે પાર્ટ-ટાઇમ અધ્યાપકોના લાંબા સમયથી પડતર એવા વિવિધ પ્રશ્નોની બાબતે પણ સભાગૃહમાં ચર્ચાવિચારણા કરવામાં આવી હતી અને તે બાબતે પણ સરકારશ્રીમાં તાકિદે રજૂઆત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

સેનેટમાં હાજર તમામ સભ્યોએ માન.કુલપતિશ્રી ધ્વારા સળંગ સાત વર્ષ સુધી યુનિવર્સિટીના તમામ સત્તામંડળોના સભ્યશ્રીઓ સહિત તમામના સાથ-સહકારથી ગુજરાત યુનિવર્સિટીની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટે સતત પ્રયત્નશીલ રહીને રાજય સરકારશ્રી / કેન્દ્ર સરકારશ્રી તેમજ વિવિધ મંત્રાલયોના સહયોગથી ઉત્તમોત્તમ ટેકનોલોજીથી સજજ એવી સુવિધાઓ અને જરૂરી એવું ઇન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ કરાવીને સર્વાંગી વિકાસ કરીને દેશની ગણનાપાત્ર યુનિવર્સિટીઓમાં ગુજરાત યુનિવર્સિટીને સ્થાન અપાવ્યું છે તે બદલ તેમજ તેઓશ્રીના કાર્યકાળના સમયગાળામાં વ્યાવસાયિક રીતે વિધ્યાર્થીઓને ઉપયોગી થઇ પડે એવા અનેક નવા અભ્યાસક્રમો શરૂ કરીને યુનિવર્સિટીના શૈક્ષણિક વિકાસમાં આપેલ પ્રસંશાપાત્ર સેવાઓને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા.

ત્યારબાદ કામકાજની યાદીપરની નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી હતી :

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે.૯૦+ અનુસાર તા.૩૧મી માર્ચ, ૨૦૧૦ના રોજ પૂરા થતા વર્ષના યુનિવર્સિટીના ૬૦મો વાર્ષિક હેવાલ પર વિચારણા કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની પ્રો. મહેશભાઇ સી, પટેલએ નોટિસ આપી છે :

"તા.૩૧ માર્ચ, ૨૦૧૧ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના ૬૧મા વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી નોંધ લે છે."

**ઠરાવ સદરહુ પ્રસ્તાવ પ્રો. મહેશભાઇ સી. પટેલે રજૂ કર્યો, તેને પ્રો. રમેશભાઇ ચૌધરીએ ટેકો આપ્યો.**

**તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

૩. ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસના હેવાલ પર વિચારણા કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય શ્રી પી. સી..ઉપાધ્યાયે નોટિસ આપી છે:

"આ સભા સને ૨૦૧૦-૨૦૧૧ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઓફ એકાઉન્ટસના હેવાલની નોંધ લે છે."

**ઠરાવ સદરહુ પ્રસ્તાવ ડૉ. એન.ડી. શાહે રજૂ કર્યો, તેને પ્રો. રમેશભાઇ ચૌધરીએ ટેકો આપ્યો.**

**તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે.૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૨૦૧૨-૨૦૧૩ના અંદાજપત્ર તથા સને ૨૦૧૧-૨૦૧૨ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની ડૉ. એન. ડી. શાહે નોટિસ આપી છે :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૨૦૧૨-૨૦૧૩ના અંદાજપત્ર તથા સને ૨૦૧૧-૨૦૧૨ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

ઠરાવ સદરહુ પ્રસ્તાવ ડૉ. એન.ડી. શાહે રજૂ કર્યો, તેને પ્રો. રમેશભાઇ ચૌધરીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

નીચેના પ્રસ્તાવોની સૂચન તરીકે નોંધ લેવામાં આવી :

૫. શ્રી પ્રો. જશવંતભાઇ એચ. ઠક્કરે નીચેના પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપેલ છે.

૧. આથી આજની આ સભા ઠરાવે છે કે

ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ મુજબનો લાભ આપવાના નિર્ણયને સરકારશ્રી દ્વારા બહાલી (મંજૂરી) આપવા તથા નિવૃત સમયે પેન્શનનો લાભ આપવા સરકારશ્રીને સર્વાનુમતે ભલામણ કરવાનું આ સભા ઠરાવે છે.

૨. આથી ઠરાવવામાં આવે છે કે

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પૂર્ણ સમયના અધ્યાપકોની ખાલી પડેલ જગ્યાઓમાં યુ.જી.સી.ના ધારાધોરણો મુજબ પગારધોરણો પ્રમાણે ભરતી કરવાની એન.ઓ.સી. આપવા આ સભા સરકારશ્રીને ભલામણ કરે છે.

૬. શ્રી હરીશ એમ. પારેખને નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપેલ છે.

૧. કોલેજો માટે ફોર્મ ખરીદવાની વ્યવસ્થા આગવી કાયમી ધોરણે ગોઠવવી. જે યુનિવર્સિટીના નિયત સમય (રીસેષ સિવાય) મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી.

૨. યુનિવર્સિટીની પરીક્ષા રેમ્યુનરેશનની એડવાન્સ રકમ જેને પરીક્ષા શરૂ થાય તે પહેલા ૯૦ ટકા રકમ મોકલી અને બાકી કોલેજોના હિસાબ આપેથી દિન-૭માં મળી જાય તેવી વ્યવસ્થા કરવી.

૩. કોલેજો તરફથી આવતી યુ.જી.સી. દરખાસ્તો સમય મર્યાદામાં મોકલવાની હોય કે જેમાં યુનિવર્સિટી તરફથી જરૂરી સહી સિક્કા માટે વિલંબ થાય છે. ભૂતકાળમાં આવી દરખાસ્તો તુરત જ કાઉન્ટર સહી થતી હતી.

૭. શ્રી ડૉ. મનિષ એમ. દોશી નીચેના પ્રસ્તાવ રજુ કરવાની નોટીસ આપેલ છે.

૧. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા અનુસ્નાતક-સ્નાતક અભ્યાસક્રમો માટે રોજગારી-માર્ગદર્શન સાથે નોકરીની તકો માટે કાયમી પ્લેસમેન્ટ સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવે જેમાં પ્લેસમેન્ટ ઓફિસર પુરા મહેકમ સાથે અસરકારક કામગીરી કરી શકે તેવુ વ્યવસ્થા તંત્ર માટે આ સભા સમક્ષ પ્રસ્તાવ રજુ કરૂ છું.

૨. યુનિવર્સિટી દ્વારા વિવિધ વિદ્યાશાખામાં પ્રથમ દશ આવેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીની ઉત્તરવહીઓ નવા વિદ્યાર્થીઓને માર્ગદર્શનરૂપ બને તે માટે વ્યાજબી કિંમતે ઉપલબ્ધ કરાવવાની જોગવાઇ કરવા આ સભા સમક્ષ પ્રસ્તાવ રજુ કરુ છું.

૩. યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા સ્વનિર્ભર અભ્યાસક્રમો જે ચલાવવામાં આવે છે તેની ફીના આવકના વધારામાંથી અમુક રકમને વિદ્યાશાખાના જરુરિયાતમંદ વિદ્યાર્થીઓને ગુણવત્તા આધારે પ્રોત્સાહન/સ્કોલરશીપની જોગવાઇ આગામી સત્રથી અમલ કરવા આ સભા સમક્ષ પ્રસ્તાવ રજુ કરું છું.

૪. છેલ્લા અમુક વર્ષોથી રાજ્યમાં અને ખાસ કરીને ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં લેભાગુ અમાન્ય સંસ્થાઓનો રાફડો ફાટ્યો છે. આ સંજોગોમાં ગરીબ-મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ આવી સંસ્થાઓનો ભોગ ન બને, નાણાંકીય તથા માનસીક હેરાન ન થાય તે અંગે યુનિવર્સિટી કાર્યાલય ખાતે અમાન્ય યુનિવર્સિટીની યાદી વાંચી શકે તે રીતે પ્રસિધ્ધી કરાવી તથા યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર પણ આ યાદી મૂકવા આ સભા સમક્ષ પ્રસ્તાવ રજૂ કરું છું.

હુકમથી
એમ.એસ.શાહ
**કા.કુલસચિવ**